મધ્યાહ્ન ભોજન યોજનાના કેન્દ્રોના ૫૦ કિચનશેડનું આધુનિકરણ કરવાની યોજનાની વહીવટ મંજૂરી આપવા બાબત.

સને ૨૦૧૪-૧૫:નવી બાબત.(સ્ટેટ-પ્લાન)

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંકઃ-મભય/૧૦૨૦૧૪/૨૧૫/૨,

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તા. ૨૩ /૦૯/૨૦૧૪.

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયના તા.૧૫/૦૪/૨૦૧૪ના ના અ.સ પત્ર ક્રમાંકઃ નં.૭-૧૩/૨૦૧૩-ઇઇ.૬/(એમડીએમ ૩-૧)

(૨) કમિશનરશ્રી, મ.ભો.યો.ના તા.૧૪/૫/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ મભય/અમલ/મોર્ડન- કીચન/૧૪-૧૫/૩૯૫૪.

ઠરાવઃ-

ગુજરાત રાજયની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગરમ તેમજ પોષ્ટીક આહાર મળી રહે તે હેતુથી મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ ગરમ અને તાજું ભોજન બનાવવા માટે કિચન શેડનું બાંધકામ કરવામાં આવે છે.ભારત સરકારના સંદર્ભ-(૧)ના અ.સ.પત્ર અન્વયે કમિશનરશ્રી મ.ભો.યો.ના સંદર્ભ-(૨)ના પત્રથી રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય તેવી પ્રાથમિક શાળાઓના કિચનશેડનું આધુનિકરણ કરવા માટે એક કિચનશેડ દીઠ રૂ.૫/-લાખ લેખે ૫૦૦ કિચનશેડ માટે સને.૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં નવી બાબતે માંગણી નં.૯, પ્લાન સદરે રૂ.૨૫૦૦/-લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ પ્રથમ તબક્કે રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય તેવી ૫૦ પ્રાથમિક શાળાઓના કિચનશેડનું પાયલોટ ધોરણે નીચેની વિગતે આધુનિકરણ કરવા માટે એક શાળા દીઠ રૂ.૫.૫૦-૬.૦૦ લાખની મર્યાદામાં વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી,

કાળજી પૂર્વકની વિચારણા બાદ આ યોજના માટે સને ૨૦૧૪-૧૫ના અંદાજ પત્રમાં નવી બાબતે કરવામાં આવેલ જોગવાઇ પૈકી ઓછામાં ઓછી રૂ.૨.૭૫ કરોડ (અંકે રૂપિયા બે કરોડ અને પંચોત્તેર લાખ પુરા)અને વધુમાં વધુ રૂ.૩.૦૦ કરોડ (અંકે રૂપિયા ત્રણ કરોડ પુરા)ની મર્યાદામાં બજેટ જોગવાઇને નીચે મુજબની વિગતે શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છેઃ

| ક્રમ | સાધનની વિગત | લિટર | એકમ |
|---|---|---|---|
| ૧ | બલ્ક કુકર | ૧૫૦ | ૧ |
| ૨ | ફ્રાઇંગ પેન | ૬૦ | ૨ |
| ૩ | ઢોકળા-મેકર /સ્ટીમર (૧૮ ટ્રે વાળી ) | - | ૧ |
| ૪ | થ્રી બર્નર રેંજ | - | ૧ |
| ૫ | વેટ ચટણી મેકર | ૧૦ | ૧ |
| ૬ | ટેબલ (વર્કીંગ પ્લેટફોર્મ તેમજ સ્ટોરેજ તરીકે) | - | ૩ |

(૧) આ દરખાસ્તને વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે. દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ અને જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પ્રર્યાપ્ત બજેટ જોગવાઇ કરવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકિય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બાકી રહેતી બચત રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતોવખતની સૂચનાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

(૮) રસોઇ માટેના આધુનિક ઉપકરણો કરકસર યુક્તરીતે ખરીદવા માટે સરકારે ઠરાવેલી ખરીદ પધ્ધતિ અનુસરવાની રહેશે અને તે ઇ.-ટેન્ડરીંગ મારફતે Turn-key બેસિસ પર પૂર્ણ કરવાની રહેશે.આ અંગે ખરીદવામાં આવનાર ઉપકરણોના ઇન્સ્ટોલેસન અને કમિશનિંગથી લઇને સંપૂર્ણ એક વર્ષની વોરંટી તેમજ તે પછીના બે વર્ષ માટેનો મેન્ટેનન્સનો (AMC) કરાર પણ ટેન્ડરની અંદર આવરી લેવાનો રહેશે. ૧ વર્ષની વોરંટી અને ૨ વર્ષના મેન્ટેનન્સ કરાર સાથે આ કામની અંદાજીત રકમ રૂ.૫.૫૦-૬.૦૦ લાખ પ્રતિ શાળાની મર્યાદામાં થાય તે કમિ.મ.ભો.યો.એ જોવાનું રહેશે. ખરીદવામાં આવેલ ઉપકરણોની આઇટમવાઇઝ કિંમતની સરકારમાં જાણ કરવાની રહેશે. તદઉપરાંત શાળા દીઠ મ.ભો.યો.દ્વારા નીમવામાં આવેલા રસોઇયાઓને આ ઉપકરણોના ઉપયોગ માટેની તાલીમ આપવાની રહેશે.વધુમાં નજીકની શાળાઓને આ પ્રકારના સેંટ્રલાઇઝડ કિચન સાથે જોડી શકાય તે માટે વિચારણા કરવાની રહેશે.આ શાળાઓના ઇમ્પેક્ટ એનાલીસીસ થર્ડ પાર્ટી કન્સલ્ટન્ટ દ્વારા કરાવીને તેના તારણોને આધારે બાકીની ૪૫૦

શાળાઓમાં અમલવારી કરવી કે કેમ તે અંગે કમિ.મ.ભો.યો.દ્વારા સરકારશ્રીમાં અલગ રીતે દરખાસ્ત કરવાની રહેશે.

(૯) પ્રથમ તબક્કે રાજ્યની કઇ પચાસ સરકારી પ્રાથમિક શાળાઓના કિચનશેડનું પાયલોટ ધોરણે આધુનિકરણ કરવામાં આવનાર છે તે પ્રથમ સુનિશ્ચિત કરીને તેની યાદી મજુરી અર્થે શિક્ષણ વિભાગને મોકલી આપવાની રહેશે.

(૧૦) મોર્ડન એમડીએમ કિંચનશેડ બનાવવા માટે ખરીદવાના થતા સાધનો મોર્ડન ટેકનોલોજીવાળા ખરીદવાના રહેશે

(૧૧) આ યોજનાની અમલવારી સર્વ શિક્ષા અભિયાન કચેરી,ગાંધીનગર દ્વારા કરવાની રહેશે અને ચાલુ નાણાકિય વર્ષમાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રના સદર માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ, પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ, ગૌણ સદર-૧૦૨-મધ્યાહ્ન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૭/૦૯/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.ડી.હળપતિ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- માન. રા.ક. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- અગ્ર સચિવશ્રી (ઉ.અને ટે.શિ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાનની કચેરી,સેકટર-૧૭,ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

--સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
--સર્વે જિલ્લા વિકાસ અધિકરીશ્રીઓ,
--સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકરીશ્રીઓ,
--સર્વે જિલ્લા તિજોરી અધિકરીશ્રીઓ,

} કમિ.મ.ભો.યો.મારફતે.

-- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ, ગાંધીનગર.
-- શિક્ષણ વિભાગ હેઠળની સર્વે શાખાઓ, સચિવાલય,ગાંધીનગર.
-- બજેટ શાખા ,નાણા શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબ સાઇટ ઉપર મુકવા સારૂ.)
-- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,
-- સિલેકટ ફાઇલ.